અપીલ અરજી નં. ૫૮૯ તા.૨૪–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્ર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્રની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી કન્ટેનરમાં દવાખાનાનો તેમજ હોસ્પીટલોનો કચરો નાખવા બાબતે મુદ્દા નં.(૧) પર્વત પાટીયા વિસ્તારમાં આવેલ ડોકટર હાઉસની બાજુમાં ઓટો પોઈન્ટ સ્પોટ પાસેના કન્ટેનરમાં દવાખાના તેમજ હોસ્પીટલનો કચરો નાંખવામાં આવે છે આ બાબતની જાણ ફરીયાદ ભાગ્યોદય વોર્ડ ઓફિસમાં કરવામાં આવી હતી પરંતુ ત્યાના કર્મચારીઓએ પોતાની ફરજ ઉપર ધ્યાન આપતા નથી અને આજે બપોરે ૧૨/૫૮ મીનીટે આ કન્ટેનરમાં લોહીથી ભરેલી બેગ પાઈપ અને સીરીન્જ હાલમાં પણ નાંખવામાં આવેલી છે તે આપ સાહેબ આવીને જોઈ શકો છો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૯/૨૦૧૧–૧૨

શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્રની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી કન્ટેનરમાં દવાખાનાનો તેમજ હોસ્પીટલોનો કચરો નાખવા બાબતે મુદ્દા નં.(૧) પર્વત પાટીયા વિસ્તારમાં આવેલ ડોકટર હાઉસની બાજુમાં ઓટો પોઈન્ટ સ્પોટ પાસેના કન્ટેનરમાં દવાખાના તેમજ હોસ્પીટલનો કચરો નાંખવામાં આવે છે આ બાબતની જાણ ફરીયાદ ભાગ્યોદય વોર્ડ ઓફિસમાં કરવામાં આવી હતી પરંતુ ત્યાના કર્મચારીઓએ પોતાની ફરજ ઉપર ધ્યાન આપતા નથી અને આજે બપોરે ૧૨/૫૮ મીનીટે આ કન્ટેનરમાં લોહીથી ભરેલી બેગ પાઈપ અને સીરીન્જ હાલમાં પણ નાંખવામાં આવેલી છે તે આપ સાહેબ આવીને જોઈ શકો છો વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૬૮૯ તા. ૨૦–૧–૧૨થી મળેલ જવાબ ખોટો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો તેમજ મુદ્દા નં.૨ અને ૩ પ્રોએકટીવ ડીસ્કલોઝર પ્રકારની માહિતી હોઈ, તે સ્પષ્ટ કરવા** વધુમાં મુદ્દા નં.૧ અંગે ભાગ્યોદય વોર્ડ કચેરીના ફરીયાદ રજીસ્ટર કે ઝોન કન્ટ્રોલ ફરીયાદ રજીસ્ટર ખાતે કોઈ વિગત નોંધાયેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા તથા અરજદરને તા. ૦૩–૧૨–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ ભાગ્યોદય વોર્ડ ઓફિસ ઈસ્ટઝોન સુરત મહાનગરપાલિકાને ફરીયાદ આપ્યાના આધાર પુરાવા–પહોચ હોય તો નકલ સહ રજૂ કરવા જણાવવામાં આવેલ સાથે મળેલ પ્રત્યુત્તર અંગે મુદ્દાવાર નારાજગીની વિગતો માહિતી પૂરતું આધાર સહ રજૂ કરવા અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૬૬૪ તા. ૪–૨–૧૨થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૬૮૯ તા. ૨૦–૧–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, ફી ભર્યાની નકલ,નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૬૮૯ તા. ૨૦–૧–૧૨ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ પત્રની નકલ, હોસ્પીટલોના કચરાનો ફોટો તથા તા. ૨૪–૨–૧૨નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૩–૧૨–૧૧ની અરજીથી કન્ટેનરમાં દવા તેમજ હોસ્પીટલનો કચરો નાંખવા બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી અરજી વરાછાઝોન નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે આપવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ ૬૮૯ તા. ૨૦–૧–૧૨થી સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧)પર્વત પાટીયા વિસ્તારમાં આવેલ ડોકટર હાઉસની બાજુમાં ઓટો પોઈન્ટ સ્પોટ પાસેના કન્ટેનરમાં દવાખાના તેમજ હોસ્પીટલનો કચરો નાંખવામાં આવે છે આ બાબતની જાણ ફરીયાદ ભાગ્યોદય વોર્ડ ઓફિસમાં કરવામાં આવી હતી પરંતુ ત્યાના કર્મચારીઓએ પોતાની

ફરજ ઉપર ધ્યાન આપતા નથી અને આજે બપોરે ૧૨/૫૮ મીનીટે આ કન્ટેનરમાં લોહીથી ભરેલી બેગ પાઈપ અને સીરીન્જ હાલમાં પણ નાંખવામાં આવેલી છે તે આપ સાહેબ આવીને જોઈ શકો છો તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન વિભાગમાં આ બાબતની કોઈ અરજી ફરીયાદ રેકર્ડ ઉપર નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨)આ બાબતેની જવાબદારી કયા કર્મચારીની છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતની જવાબદારી જે તે વોર્ડના આરોગ્ય નિરીક્ષકની છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૩) તેની સામે શું પગલાં લેવામાં આવશે ? અને કયારે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેની સામે લીધેલા પગલાની કોઈ માહિતી વરાછાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. વધુમાં આરટીઆઈ કલમ–૨(એફ) અને ૨–(જે) મુજબ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અંગે અરજદારે સમયસર માહિતી મળેલ નથી અને જવાબ ખોટો છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદાર પાસેથી પૂરક પત્ર પાઠવી તા. ૩–૧૨–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ ભાગ્યોદય વોર્ડ ઓફિસ ઈસ્ટઝોન સુરત મહાનગરપાલિકાને ફરીયાદ આપ્યાના આધાર પુરાવા કે પહોંચ હોય તો નકલ રજૂ કરવા જણાવવામાં આવેલ સાથે મળેલ પ્રત્યુત્તર અંગે મુદ્દાવાર નારાજગીની વિગતો માહિતી પૂરતું આધાર સહ રજૂ કરવા પણ જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે આપેલી માહિતીના નારાજગીના આધારની જગ્યાએ તેમના તા. ૨૪–૨–૧૨ના પત્રથી કન્ટેનરમાં દવાખાના તેમજ હોસ્પીટલનો કચરો નાંખવામાં આવતો હતો તેની જાણ ભાગ્યોદય વોર્ડ ઓફિસમાં કરી હતી ત્યારે તેમનો જવાબ હતો કે રીસેસના સમયમાં કોઈ કચરો નાંખે તો શું કરવાનું પરંતુ એક દિવસ સવારે ૯ કલાકે ડો. ખંડેલવાલા કામદારને આ કચરો નાંખતા જોઈને વોર્ડ ઓફિસના કર્મચારીને બતાવ્યું છે ત્યારે તેની જાણમાં આવ્યું છે પરંતુ હજુ પણ કચરો કન્ટેનરમાં નાંખવામાં આવે છે તેવું જણાવેલ છે. આમ અરજદારે પૂરક વિગતમાં પુનઃ ફરીયાદની રજુઆત કરેલ છે. પરંતુ પૂરક વિગતોના સંદર્ભે અગાઉ ભાગ્યોદય વોર્ડ ઓફિસમાં ફરીયાદ કર્યા અંગેના આધાર પુરાવા રજુ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૪–૧–૧૨ ધ્યાને લેતાં ૨૨–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૦૩–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની અપીલમાં જણાવેલ ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વંતત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્ર,